ANNEXURE-VIII

વિષય :- જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૦૦ની કલમ ૬૩ મુજબ જુવેનાઇલ ચાઇલ્ડ વેલ્ફર ઓફીસરની સુચના કરવા બાબત.

હવાલો:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:સીઆઇડી/મ.સેલ/૨૩૬/૦૫ તા.૨૯/૩/૦૫ અન્વયે.

::::::::

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે, જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૦૦ નો કાયદો આવ્યા બાદ તેને અમલમાં મુકવા માટે ગઇ તા.૨૯/૩/૦૫ ના રોજ અત્રેની કચેરી ધ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવેલ. જેમાં ધી જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૦૦ ની કલમ.૬૩ મુજબ દરેક જીલ્લા/શહેરમાં આવેલ મહિલા પો.સ્ટે./મહિલાસેલને "સ્પેશ્યલ જુવેનાઇલ પોલીસ યુનિટ" તરીકે કામગીરી કરવા સુચનાઓ આપવામાં આવેલ હતી. તેમજ રાજયના દરેક પો.સ્ટે.માં "જુવેનાઇલ ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર" ની નિમણુંક કરવા બાબત સૂચનો કરવામાં આવેલ. પરંતુ આપેલી સૂચનાઓનો અમલ થયેલ હોવાનું જણાતું નથી. કારણ કે, આ સંદર્ભે કરવામાં આવેલ કામગીરીનો રીપોર્ટ જે તે શહેર/જીલ્લા/યુનિટ ધ્વારા અત્રેની કચેરીને મોકલવામાં આવતો નથી. આથી આ અંગે ફરીથી નીચે મુજબની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

૧/- દરેક પોલીસ સ્ટેશનમાં પો.સ.ઇ./ એ.એસ.આઇ. દરજજાના એક અધિકારીની "જુવેનાઇલ ઓફ ધી ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર" તરીકે નિમણુંક કરવી. તે ઓફીસરો જુવેનાઇલ પોલીસ યુનિટના સભ્યો હશે.અને તેમણે નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

- અપરાધી કિશોર/કિશોરીને ચાઇલ્ડ વેલ્ફેર કમીટી સમક્ષ રજુ કરવાની કામગીરી
- અપરાધી કિશોર/કિશોરીને જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજુ કરવાની કામગીરી.
- યોગ્ય કિસ્સામાં આવા બાળકોને સ્વૈચ્છિક સંસ્થામાં સોંપી શકાશે.
- આવા બાળકોને ચોવીસ કલાકની અંદર ચાઇલ્ડ વેલ્ફેર કમીટી/જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજુ કરવાનો રહેશે.
- આવા બાળકને જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજુ કરતાં પહેલાં ઓબઝરવેશન હોમમાં રાખી શકાશે.પરંતુ તરતની બેઠક દરમ્યાન જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

૨/- રાજયમાં કાર્યરત ૭ (સાત) મહિલા પોલીસ સ્ટેશનોને અગાઉ સોંપવામાં આવેલ ફરજો ઉપરાંત સ્પેશ્યલ જુવેનાઇલ યુનિટ તરીકે વધારાની કામગીરી કરવાની રહેશે. તેમજ ઉપર્યુક્ત મહિલા પોલીસ

**<u>સ્પેશ્યલ જુવેનાઇલ યુનિટના હેતુઓ નીચે મુજબના રહેશે.</u>**

- કિશોરો/કિશોરીઓને લગતા કેસોનું વ્યવસાયીક તેમજ વૈજ્ઞાનિક અને ઉંડાણપૂર્વક તપાસ કરાવવાનો અને ન્યાયીક કોર્ટમાં સફળતાપૂર્વક કેસો ચાલે તે અંગેનો છે.
- જુવેનાઇલ જસ્ટીસ ( કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૦૦ તેમજ અન્ય બાળકો અને સ્ત્રીઓને લગતા કાયદાઓના અમલ અને નિયમન માટે
- બળાત્કાર અને બાળકોના જાતિય શોષણ કે ઘરેલું હિંસા કે અન્ય ગુન્હાના ભોગ બનેલ સ્ત્રીઓ અને બાળકોને રક્ષણ આપવા તેમજ સામાજીક, આર્થિક, વૈદકીય કાયદાકીય સેવાઓ પૂરી પાડવી.
- ઉપર્યુક્ત રીતે ભોગ બનેલાને તાત્કાલિક સારસંભાળ અને રક્ષણ પૂરૂં પાડવા,વિકાસ અને પુર્નવસવાટ પુરૂં પાડવા.

**<u>સ્પેશ્યલ જુવેનાઇલ યુનિટની ફરજો નીચે મુજબની રહેશે.</u>**

- બાળકોના જાતિય શોષણ,ઘરેલું હિંસા વિ. કેસોની તપાસ સંભાળવી
- ભૃણહત્યાના કેસો,સાદી વ્યથા અને મહાવ્યથાના કેસો,બાળાઓના બળાત્કાર,છેડતી, અપહરણ,દગાબાજીથી લગ્નના કેસોની તપાસ સંભાળવી.
- બાળાઓના અશ્લીલ પ્રદર્શન,અનૈતિક દેહવ્યાપારના કેસોની તપાસ સંભાળવી.
- જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રીઓ,શહેરના પોલીસ કમિશ્નરશ્રીઓ જેમના કાર્યક્ષેત્ર હેઠળ મહિલા પોલીસ સ્ટેશન ન હોઇ તેઓ આ પ્રકારના કેસોની તપાસો જીલ્લા/શહેરના મહિલા સેલને સોંપી શકશે.

3/- દરેક મહિલા પોલીસ સ્ટેશનમાં મહિલા હેલ્પલાઇન અંગેનો જે ટેલિફોન છે તેનો ઉપયોગ ચાઇલ્ડ હેલ્પલાઇન તરીકે કરવો.તેમજ આ હેલ્પલાઇનના નંબરની બહોળી પ્રસિધ્ધી મીડીયા તથા અખબારપત્રોમાં કરાવવી.

૪/- સ્પેશ્યલ જુવેનાઇલ પોલીસ યુનિટને મદદ કરવા માટે બિનસરકારી સસ્થા( NGO ) ના ઓછામાં ઓછા ૧૦ સામાજીક કાર્યકરોને નિમવા અને કાઉન્સેલીંગ કમિટીની રચના કરવી. પ્રસંગ પ્રમાણે તેઓની મદદ લેવી.

૫/- આ ઉપરાંત સ્વૈચ્છીક રીતે વિના:શુલ્ક દાક્તરી માનસશાસ્ત્રીઓ કાયદાકીય સલાહ, સૂચન સબંધિત સેવાઓ આપી શકે તે માટે ડોકટરો,માનસશાસ્ત્રીઓ,વકીલશ્રીઓ અને સલાહ સૂચનકારોની પેનલો બનાવી આ યુનિટમાં રાખવી અને પ્રસંગો પ્રમાણે તેમની સેવાઓ લેવી.

૬/- અપરાધી કિશોર/કિશોરીના રક્ષણ માટે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાન ઉપર લેવા.

(૧) આવા બાળકોને લગતી કામગીરી સ્પે.જુવેનાઇલ પોલીસ યુનિટ/ ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસરે કરવી.

(૨) હાથકડી પહેરવાનો પ્રતિબંધ છે.

(૧૦) સાત થી તેર વર્ષના નીચેના બાળક વિરૂધ્ધ ઇ.પી.કો.ક.૮૩ મુજબ કોઇ કેસ થતો નથી જો આવુ બાળક ગુનાના પરિણામ અંગે સમજ કેળવતું ન હોય.

(૧૧) આવા બાળકો વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી સામાન્ય અદાલતોમાં કરવાની નથી.

(૧૨) બાળાઓ પરના બળાત્કારના કેસોમાં જીલ્લા/શહેરના પોલીસ કંટ્રોલરૂમ તથા. પો.સ્ટે.ના હવાલાવાળા હવાલદારોએ આવા કેસોની અનિવાર્ય રીતે ત્વરાથી નોંધ કરવી.

(૧૩) ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળક/સ્ત્રીને પો.સ્ટે.માં તપાસ અર્થે બોલાવવા નહીં અને આવી તપાસ બાળક/સ્ત્રી જયાં રહેતી હોય ત્યાં જઇ કરવી.

૭/- સ્પેશ્યલ જુવેનાઇલ પોલીસ યુનિટ અને દરેક જીલ્લા/શહેરના મહિલા સેલ સદર જુવેનાઇલ જસ્ટીસ એકટ ૨૦૦૦ કાયદાનો અસરકારક અમલ થાય તે અંગે તકેદારી રાખશે. ખાસ કરીને આ કાયદામાં નિર્દેશ કરેલ કૃત્યો જેવા કે,

- બાળક પ્રત્યે ક્રુરતા દાખવવી ( કલમ.૨૩ )
- ભીખ મંગાવવા માટે બાળકને રોકવું ( કલમ.૨૪ )
- બાળકને દારૂ / કેફી દ્રવ્યો કે પદાર્થો આપવા.( કલમ.૨૫ )

ગુમ થયેલ બાળાઓ/સ્ત્રીઓને શોધવા નામદાર સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન ( ક્રીમીનલ ) નંબર.૬૨૦/૧૯૯૬ હોરીલાલ વિ. કમિશ્નર ઓફ દિલ્હીમાં કરેલા આદેશો મુજબ કામગીરી કરશે.

૮/- ધી જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળના ગુનાઓ તેમજ અન્ય કાયદાઓ હેઠળના ગુન્હાઓનાં બાળકો જો ભોગ બન્યા હોય અથવા બાળકો જો અપરાધી હોય તેવા ગુન્હાઓની એફ.આઇ.આર.ની નકલો અત્રેની કચેરીને મોકલવાની રહેશે. **તેમજ દર માસે સ્પેશ્યલ જુવેનાઇલ પોલીસ યુનિટ/ મહિલા સેલ/ ચાઇલ્ડ વેલ્ફેર ઓફિસરે જે કામગીરી કરી હોય તે કામગીરીના પત્રકો જે તે જીલ્લા/શહેરના મહિલા પો.સ્ટે./ મહિલા સેલના વડાએ અત્રેની કચેરીને મોકલવાના રહેશે.**

અત્રેની કચેરીના નાયબ પોલીસ મહાનિરીક્ષક, મહિલાસેલનાઓ આ સ્પેશ્યલ જુવેનાઇલ પોલીસ યુનિટ અને મહિલા સેલ સાથે સંકલન કરી કેસો અને કામગીરીનું મૂલ્યાંકન કરશે અને નોડલ ઓફીસર તરીકે પણ કામગીરી બજાવશે.

**(ડૉ.મીરા રામનિવાસ)**
નાયબ પોલીસ મહાનિરીક્ષક
( મહિલાસેલ ),સી.આઇ.ડી.ક્રાઇમ,
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,
-તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ( પ.રેલ્વે વડોદરા સહિત )

**નકલ રવાના.**

(૧)તમામ રેન્જ વડાઓ
(૨)અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી તાલીમ,ગુજરાત રાજય,ગાંધીનગર
(૩)અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી હથિયારી એકમો,ગુ.રાજય,ગાંધીનગર
(૪) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી કાયદો અને વ્યવસ્થા,ગુ.રાજય,ગાંધીનગર